"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં. તા: ૧૭/૦૩/૨૦૧૮

તંત્રીશ્રી, ______________________ સુરત

જાત નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## જૈન શ્વેતાંબર સમાજના બ્રેનડેડ રમાદેવી કાંતીલાલ ચોપડાના પરિવારે કિડની, લિવર અને ચક્ષુઓનું દાન કરી પાંચ વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.

નામ: રમાદેવી કાંતીલાલ ચોપડા ઉ. વ.૬૨ બ્લડગ્રુપ:O+ve

રહેવાસી: સોહમ રેસીડેન્સી, સોહમ સર્કલ, અલથાણ, સુરત.

કૌટુંબિકવિગત : પતિ: કાંતીલાલ કેસરીચંદ ચોપડા ઉ.વ. ૬૩

નિવૃત્ત જીવન

પુત્ર: ૧. કીર્તિકુમાર કાંતીલાલ ચોપડા ઉ.વ. ૩૮

સાડી ઉપર લેસ લગાડવાના વ્યવસાય સાથે સંકળાયેલ છે.

૨. લોકેશ કાંતીલાલ ચોપડા ઉ.વ. ૩૬

રીંગરોડ ઉપર આવેલ એક ખાનગી કંપનીમાં ફરજ બજાવે છે.

પુત્રીઓ:૧. ભાવના મનોજ લોઢા ઉ.વ. ૪૧

૨. ચંદન વિમલ કથોટીયા ઉ.વ. ૪૦

૩. મીનાક્ષી અજય ધોકા ઉ.વ. ૩૯

૨...

Nilesh Mandlewala President +91 98256 09922 | Sandeep Kumar, IRS Vice President +91 81307 61031 | Rakesh Jain Hon. Secretary +91 98241 10349 | Ramesh Malpani Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

**"Donate Life"**
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



**બનાવની વિગત:**

બુધવાર, તાઃ ૭ માર્ચના રોજ રમાદેવીના સાસુજી વનીદેવીનું દુઃખદ અવસાન થયું હતું અને તેમની અંતિમક્રિયા તાઃ ૮ માર્ચના રોજ હતી તે પૂર્ણ કરી રમાદેવી સ્નાન કરવા માટે જતા હતા ત્યારે એકાએક પ્રેશર વધી જવાને કારણે તેઓ બેહોશ થઇ ગયા હતા. તેથી તેમને તાત્કાલિક મહાવીર ટ્રોમા હોસ્પીટલમાં સવારે ૧૧:૩૦ કલાકે ડૉ. માણેક અસાવાની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

નિદાન માટે સીટી સ્કેન કરાવતા મગજમાં લોહીની નશો ફાટી જવાને કારણે બ્રેનહેમરેજ અને મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. ન્યુરોસર્જન ડો. આશીત દેસાઈએ ક્રેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દુર કર્યો હતો.

શુક્રવાર તાઃ ૧૬ માર્ચના રોજ ન્યુરોફિઝિશિયન ડૉ.પરેશ ઝાંઝમેરા અને ડૉ. રવિ વટીયાનીએ રમાદેવીને બ્રેનડેડ જાહેર કર્યા.

રમાદેવીના દિયર રાજેશ કાવડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રમાદેવીના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી રાજેશની સાથે રહી રમાદેવીના પતિ કાંતીલાલ, પુત્રો કીર્તિકુમાર અને લોકેશકુમાર, પુત્રીઓ ભાવના, ચંદન, મીનાક્ષી, જમાઈઓ વિમલ અને અજયને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

પરિવારના સૌ સભ્યોએ જણાવ્યું કે અમારા માતૃશ્રી ખુબજ સેવાભાવી તેમજ ધાર્મિક હતા. તેઓ વારંવાર વર્તમાનપત્રોમાં ઓર્ગન ડોનેશન અંગેના સમાચારો વાંચતા હતા અને હંમેશા કહેતા હતા કે જ્યારે મારૂ મૃત્યું થાય ત્યારે બધાજ અંગો દાન કરીને ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન આપજો. તેથી આજે જયારે અમારા માતૃશ્રી બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે એમના અંગો બળીને રાખ થઇ જાય તેના કરતાં તેમના અંગોના દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

3...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની તથા લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો.સુરેશ કુમાર અને તેમની ટીમે આવી કિડની અને લિવરનું દાન સ્વીકાર્યું. જ્યારે ચક્ષુઓનું દાન લોકદ્રષ્ટિ ચક્ષુબેંકના ડો. પ્રફુલ શિરોયાએ સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી કિડની પૈકી એક કિડની સુરતનાં રહેવાસી સાગર જયેન્દ્ર ઓભલીયા ઉ.વ. ૩૮ અને બીજી કિડની ધાર, મધ્યપ્રદેશની રહેવાસી સુનીતા અરુણ શર્મા ઉ. વ. ૪૭ માં, જ્યારે લિવર બોરસદના રહેવાસી યોગેશ ધીરુભાઈ ધોબી ઉ.વ.૪૮ માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડો. પ્રાંજલ મોદી, ડો. જમાલ રીઝવી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની સમગ્ર પ્રક્રિયામાં રમાદેવીના પતિ કાંતીલાલ, પુત્રો કીર્તિકુમાર અને લોકેશકુમાર, પુત્રીઓ ભાવના, ચંદન અને મીનાક્ષી, જમાઈઓ મનોજ, વિમલ, અજય, દિયર હરીશ અને રાજેશ તેમજ પરિવારના અન્ય સભ્યો. ન્યુરોફિઝિશિયન ડો.પરેશ ઝાંઝમેરા, ડો. રવિ વટીયાની, ફિઝિશિયન ડો. માણેક અસાવા, મહાવીર ટ્રોમા હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી રાકેશ જૈન, હેમંત દેસાઈ અને સુભાષ જોધાણીનો સહકાર સાંપડ્યો હતો.

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૨૪૫ કિડની, ૯૯ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૦૮ ચક્ષુઓના દાન મેળવીને ૫૭૨ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |